GJMR060013112019

| | |
|---|---|
| Received on | 27-09-2019 |
| Registered on | 27-09-2019 |
| Decided on | 17-03-2026 |
| Duration on Yr. Mo. Ds. Ds. | |

**<u>ફોજદારી કેસ નં. ૧૦૩૦/૨૦૧૯</u>**

**<u>આંક:</u>**

## <u>FORM : A</u>

<u>હળવદના મે. એડી.ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની અદાલત, મુ. હળવદ</u>

(એન.જી.સુરતી )GJ-00711

એડીશ્નલ ચીફ જ્યુડી.મેજી. સાહેબ,હળવદ.

ચુકાદાની તારીખ: ૧૭/૦૩/૨૦૨૬

ક્રિમીનલ કેસ નંબર: ૧૦૩૦/૨૦૧૯

| | |
|---|---|
| **ફરીયાદી:–** | મીનેષ કિશોરભાઈ શાહ,<br>ઉ.વ.આ.૫૧, ધર્મ:હિન્દુ, ધંધો–નોકરી,<br>તે બ્રાન્ચ મેનેજરશ્રી, આદર્શ કો.ઓ.બેંક લી.<br>હળવદ, શાખા, મુ.બસ સ્ટેન્ડ પાસે, હળવદ. |
| **ફરીયાદપક્ષે વકીલીશ્રી: –** | શ્રી જે.વી.જાની |
| **આરોપી :–** | દિપેનભાઈ જગદીશભાઈ ઠકકર,<br>(દરીયાદેવ ઓઈલ ઈન્ડસ્ટ્રીના પ્રોપરાઈટર)<br>રહે. પ્લોટ નં.ર, રીધ્ધી–સીધ્ધી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટ્રેટ,<br>મુ.હળવદ, તા.હળવદ, જી.મોરબી. |
| **આરોપી તરફે વકીલશ્રી:–** | વાય.એન.મહેતા |

---

**ગુનો: ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ.**

---

**FORM B**

| | |
|---|---|
| **બનાવ તારીખ** | ૦૭/૦૮/૨૦૧૯ |
| **ફરીયાદ તારીખ** | ૨૭/૦૯/૨૦૧૯ |

| | |
|---|---|
| **પ્લી નોંધ્યા તારીખ** | ૦૫/૧૨/૨૦૧૯ |
| **પુરાવો ચાલુ થયા તારીખ** | ૧૫/૦૯/૨૦૨૫ |
| **ચુકાદો અનામત રાખ્યા તારીખ** | ૧૭/૦૩/૨૦૨૬ |
| **ચુકાદા તારીખ** | ૧૭/૦૩/૨૦૨૬ |
| **સજા કરી હોય તો સજા તારીખ** | -- |

| આરોપી નં | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન પર છોડયા તારીખ | ગુનો | તકસીર વાર/ નિર્દોષ | સજા | સી.આર. પી.સી.ની કલમ :૪૨૮ માટે કસ્ટડી માં રહેલ સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | દિપેનભાઈ જગદીશભાઈ ઠકકર | - | - | ધી નેગોશી એબલ ઈન્સ્ટુ મેન્ટ એકટની કલમ- ૧૩૮ મુજબ | તકસીરવાન | આખરી હુકમ મુજબ | - |

FORM C

**ફરીયાદપક્ષે** /બચાવપક્ષે/કોર્ટ તરફે સાહેદ લીસ્ટ-:

| **ક્રમ** | **નામ** | **આંક** |
|---|---|---|
| ૧. | ફરીયાદી-મીનેષ કિશોરભાઈ શાહ | ૦૪ |
| ૨. | કલોઝીંગ પુરસીસ | ૬૧ |

**ફરીયાદપક્ષે** /બચાવપક્ષે/કોર્ટ તરફે દસ્તાવેજી લીસ્ટ-:

| **ક્રમ** | **લેખીત પુરાવાની વિગત** | **આંક** |
|---|---|---|
| ૧. | તહોમતદારની લોન મંજુર થયા અંગેનો ફરીયાદી બેંકનો ઠરાવ નં.૮૯૦-૯૧ | ૪૮ |
| ૨. | તહોમતદારે બેંકને કરી આપેલ મોર્ગેજ નં.૨૦૦૯ | ૪૯ |
| ૩. | ત્હોમતદારે ઓપલ ચેક નં. ૦૫૭૫૧૧ | ૫૦ |
| ૪. | ત્હોમતદારે ઓપલ ચેક નં. ૦૫૭૫૧૨ | ૫૧ |
| ૫. | ત્હોમતદારે ઓપલ ચેક નં. ૦૫૭૫૧૩ | ૫૨ |
| ૬. | ચેક રીર્ટન થયા અંગેનો રીર્ટન મેમા (કુલ-૩) | ૫૩ |

| | | |
|---|---|---|
| ૭. | ફરીયાદ કરવાની સતા આપતો ઠરાવ | ૫૪ |
| ૮. | તહોમતદારની લોન અરજી | ૫૫ |
| ૯. | ત્હોમતદારને આપેલ ચેક રીર્ટનની નોટીસ | ૫૬ |
| ૧૦. | નોટીસ રજી. એડી. કર્યાની પહોંચ | ૫૭ |
| ૧૧. | પોસ્ટલ ખાતાની બજી ગયાની પહોંચ | ૫૮ |
| ૧૨. | તહોમતદારના લોન ખાતાનો ઉતારો | ૫૯ |

ફરીયાદપક્ષે /**બચાવપક્ષે**/કોર્ટ તરફે સાહેદ લીસ્ટ–:

| **ક્રમ** | **નામ** | **આંક** |
|---|---|---|
| ૧. | દિપેન જગદીશભાઈ ઠકકરની જુબાની | ૬૭ |

ફરીયાદપક્ષે /**બચાવપક્ષે**/કોર્ટ તરફે દસ્તાવેજી લીસ્ટ–:

| **ક્રમ** | **લેખીત પુરાવાની વિગત** | **આંક** |
|---|---|---|
| ૧. | દસ લાખ રૂપિયા બેંકમાં જમા કરાવેલ તેની પહોંચ | ૬૮ |
| ૨. | સમાધાન થયેલ તે નોટરી લખાણ | ૬૯ |
| ૩. | બેંકમાં છાસઠ લાખ એકાવન હજાર રૂપિયા સ્વીકારવા માટે અરજી આપેલ તે બેંકે રીસીવ કરેલ તેની નકલ | ૭૦ |
| ૪. | ક્રિમીનલ અપીલ નં.૪૨/૧૯ના કામે આંક–૧ લગત થયેલ હુકમની નકલ | ૭૧ |

હળવદ.

તા.૧૭/૦૩/૨૦૨૬ ( નિમિષા ગંગારામભાઈ સુરતી)
એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ, હળવદ.
કોડ નં.જી.જે.૦૦૭૧૧.

**<u>::ઠરાવ::</u>**

(૧) ફરીયાદપક્ષની ફરીયાદ હકકીત ટુંકમાં એવી છે કે, ફરીયાદી બેંક ભારતીય કાયદા હેઠળ નોંધાયેલ બેંકીંગને લગતો ધંધો કરતી સંસ્થા છે. ફરીયાદી બેંક ભારતીય કાયદા હેઠળ નોંધાયેલ બેંકીંગને લગતો ધંધો કરતી સંસ્થા છે. ફરીયાદી આ બેંકની હળવદ શાખામાં બ્રાન્ચ મેનેજર તરીકે નોકરી કરે છે અને બેંકના મેનેજીંગ ડીરેકટર શ્રીનરેન્દ્રસિંહ ડાભીનાએ તા.૨૪/૦૯/૨૦૧૯ના રોજથી હાલની આ ફરીયાદ દાખલ કરવાની સતા આપેલ છે. જે સતાની રુએ હાલની ફરીયાદ દાખલ કરે છે. જે ઠરાવની નકલ આ સાથે રજુ છે. તહોમતદારે ફરીયાદી બેંકમાં આવીને પોતાની લોનની જરુરીયાત હોઈ તેવું જણાવી લોનની માંગણી કેરલ અને તે અંગેનું વિગતવારનું આવેદન પત્ર તા.૦૭/૦૫/૨૦૧૫ના રોજ અમો ફરીયદી બેંકમાં આવીને પોતાની તથા જામીનદારની વિગત સાથેનું રજુ કરેલ. આ કામના તહોમતદાર દરીયાદેવ ઓઈલ ઈન્ડસ્ટ્રીઝના પ્રોપરાઈટર હોઈ પેઢીના પ્રોપરાઈટર તરીકે તેમનું આવેદન પત્ર સ્વીકારી બેંકના ધારા ધોરણ મુજબ લોન આપવાનું નકકી થતા ફરીયાદી બેંકની હેડ ઓફીસના ઠરાવ નં. આદર્શ કો.ઓ. બેંક લી. શિરોહીના પત્ર ક્રમાંક ૮૯૦-૯૧, તા.૧૧/૦૭/૧૫થી લોન રૂા.૩૦,૦૦,૦૦૦/- પુરાની મંજુર કરવામાં આવેલ અને આ લોન અંગે તહોમતદારના બેંકની તરફેણમાં તેમની મિલકતોનું રજી. મોર્ગેજ નં.૨૦૦૯, તા.૨૦/૭/૨૦૧૫ના રોજ કરી આપેલ અને ત્યારબાદ ફરીયાદી બેંક ધ્વારા તહોમતદારને લોન તેમના લોન ખાતા નં.એલ.ટી.-૬૪થી તા.૧૧/૭/૨૦૧૫ના રોજ ચુકવવામાં આવેલ. તહોમતદારે ફરીયાદી બેંકમાંથી લોન મેળવ્યા બાદ આ સવલતનો ઉપયોગ ત્હોમતદાર કરતા હતા જે લોનની રકમ તહોમતદારે હપ્તે-હપ્તે ચુકવવાની હતી અને આ હપ્તાની

રકમની સલામત ચુકવણી માટે આ કામના તહોમતદાર ના એ તેમના આદર્શ કો.ઓ.બેંક, હળવદશાખાના તેમના પેઢીના ખાતા નં.૦૪૧૦૧૪૧૦૦૦૫૨૩૯૨ના (૧) ચેક નં.૦૫૭૫૧૧, તા.૦૧/૦૬/૨૦૧૯ ના રોજનો રૂા.૭૫,૯૦૦/-, (૨) ચેક નં. ૦૫૭૫૧૨, તા.૦૧/૦૭/૨૦૧૯ ના રોજનો રૂા.૭૫,૯૦૦/-, (૩) ચેક નં. ૦૫૭૫૧૩, તા.૦૧/૦૮/૨૦૧૯ના રોજનો રૂા.૭૫,૯૦૦/- મળી કુલ રૂા.૨,૨૭,૦૦૦/-ના ચેકો તમોએ આદર્શ કો.ઓ.બેંક લોન ખાતા નં.એલ.ટી.૬૪ના નામના સહી કરી ફરીયાદીના નામ જોગ લખી આપેલ. તહોમતદારે આપેલ ચેક ફરીયાદીએ તેમના ખાતામાં વસુલાત માટે તા.૦૭/૦૮/૨૦૧૯ના રોજ રજુ કરતા ''ફંડ ઈન્સફીસીયન્ટ''ના કારણોસર ચેક પરત થયેલ, જેની જાણ ફરીયાદી બેંકે રીર્ટન મેમાથી થયેલ. ફરીયાદીએ પોતાના વકીલ મારફત ગત તા.૧૨/૦૮/૨૦૧૯ના રોજ નોટીસ તેઓના સરનામે મોકલેલ. જે નોટીસ તા.૧૩/૦૮/૨૦૧૯ના રોજ બજી ગયેલ હોવા છતા (૧) ચેક નં. ૦૫૭૫૧૧, તા.૦૧/૦૬/૨૦૧૯ના રોજનો રૂા.૭૫,૯૦૦/-, (૨) ચેક નં. ૦૫૭૫૧૨, તા.૦૧/૦૭/૨૦૧૯ના રોજનો રૂા.૭૫,૯૦૦/-, (૩) ચેક નં. ૦૫૭૫૧૩, તા.૦૧/૦૮/૨૦૧૯ના રોજનો રૂા.૭૫,૯૦૦/- મળી કુલ રૂા.૨,૨૭,૦૦૦/- મુજબની કાયદેસરની લેણી રકમ ચુકવી આપેલ નથી કે નોટીસનો કોઈ જવાબ આપેલ નથી. આરોપી વિરુધ્ધ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ-૧૩૮ હેઠળ કામ ચલાવી ફરીયાદી બેંકને તહોમતદાર પાસેથી (૧) ચેક નં.૦૫૭૫૧૧, તા.૦૧/૦૬/૨૦૧૯ના રોજનો રૂા.૭૫,૯૦૦/-, (૨) ચેક નં. ૦૫૭૫૧૨, તા.૦૧/૦૭/૨૦૧૯ના રોજનો રૂા.૭૫,૯૦૦/-, (૩) ચેક નં. ૦૫૭૫૧૩, તા.૦૧/૦૮/૨૦૧૯ના રોજનો રૂા.૭૫,૯૦૦/- મળી કુલ

રૂા.૨,૨૭,૦૦૦/– ચુકવી આપેલ નથી. જેથી આ કામના આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧,(કે જેને સરળતા ખાતર હવે પછી આ ઠરાવમાં''**એકટ**''તરીકે સંબોધવામાં આવ્યા છે)ની કલમ–૧૩૮ તથા સાથે વાંચતા કલમ ૧૪૨ અન્વયે સજાને પાત્ર ગુનાહીત કૃત્ય કરેલ હોવાથી હાલની ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે અને આરોપીને કાયદેસરની લેણી રકમ ચુકવવા તથા દંડ કરવા તથા તે દંડની રકમમાંથી ફરીયાદીને થયેલ નુકશાનીના વળતર તેમજ લેણી રકમ ઉપર બેંક રેન્ટ મુજબ વ્યાજ સહીત લેણી રકમ ચુકવવા માંગણી કરેલ છે.

૨. ફરીયાદ રજુ કરતાં ફોજદારી કાર્યરીતિ સંહિતા:૧૯૭૩(કે જેને સરળતા ખાતર આ ઠરાવમાં હવે પછી''સંહિતા'' તરીકે સંબોધવામાં આવ્યા છે) કલમ:૨૦૦ અન્વયે ફરીયાદીના સોગંદ ઉપરના વેરીફીકેશન ધ્યાને લઈ, સી.આર.પી.સી., ૧૯૭૩ કલમ:૨૦૪ અન્વયે આરોપી સામે નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧, કલમ–૧૩૮ મુજબના ગુના સબબ સમન્સ કાઢવામાં આવેલ. જેની ધોરણસરની બજવણી થતાં આરોપી તેમના વિ.વકીલશ્રી મારફતે હાજર થયેલ.આરોપીને ફરીયાદ તથા સાધનીક દસ્તાવેજોની નકલો વિના મુલ્યે આપવામાં આવેલ છે.ત્યારબાદ ક્રિમિનલ પ્રોસીઝર કોડ ૧૯૭૩ની કલમ:૨૫૧ મુજબ આરોપીની આંક:૯થી પ્લી નોંધવામાં આવેલ. જે અન્વયે આરોપીએ ગુન્હો કબુલ કરવાનો ઈન્કાર કરેલ હોવાથી હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી શરૂ કરવામાં આવેલ છે.

૩. ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપીને પોતાના વિરુધ્ધ રજુ

કરવામાં આવેલ મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓનું ખંડન કરવા તક આપવી ન્યાયોચિત જણાયેલ હોવાથી, ક્રીમીનલ પ્રોસીજર કોડ,૧૯૭૩ કલમ ૩૧૩ અન્વયે આારોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. આરોપીએ પોતાના વિશેષ નિવેદનમાં જણાવેલ છે કે, અમારે સમાધાન થઈ ગયેલ છે અને બધા ચેકોની ફરીયાદી તેઓએ પાછી લઈ લેવા નામ. સેસન્સ કોર્ટ સમક્ષ નોટરી રુબરુ લખાણ સમાધાન કરાર રજુ કરેલ છે. જેની નકલ આ કામે અમો રજુ રાખવા માંગીએ છીએ. જે સમાધાનમાં અમોએ સમાધાન મુજબ રૂ.૧૦,૦૦,૦૦૦/– બેંકમાં જમા કરાવેલ છે. જેની પહોંચ પણ આ કામમાં રજુ કરવા માંગીએ છીએ. તેમજ બાકી રહેતી રકમ અમો બેંકમાં ભરપાઈ કરવા ગયા ત્યારે તેઓએ રકમ લેવાની ના પાડી જેની લેખિત અરજી અમોએ ચેકમાં આપેલ તેની કોપી પણ આ કામમાં રજુ કરવા માંગીએ છીએ.

૪. ફરીયાદપક્ષ તથા બચાવપક્ષે આ સિવાય અન્ય કોઈ મૌખીક કે દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ નથી.

૫. પ્રસ્તુત ફોજદારી કાર્યવાહીમાં ફરીયાદી દ્વારા પોતાના કેસના સમર્થનમાં ક્રિમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ કલમ ૩૧૪ (૧) અન્વયે મૌખીક દલીલ કરવામાં આવેલ છે.જે ધ્યાને લેવામાં આવેલ છે. આરોપી દ્વારા ક્રિમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ કલમ–૩૧૪ (૧) અન્વયે મૌખીક દલીલ કરવામાં આવેલ છે.જે ધ્યાને લેવામાં આવેલ છે.

૬. અદાલત સમક્ષ આખરી ન્યાયીક નિર્ણય કરવા નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>–:: મુદ્દા ::–</u>**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, વાદગ્રસ્ત ચેકો તેમના કાયદેસરના દેવાની પુરેપુરી અથવા અંશત: ચુકવણી માટે આરોપી તરફથી આપવામાં આવેલ અને તે સમય મર્યાદામા બેંકમાં રજુ કરતા '' **ફંડ ઈનસફીસીયન્ટ** '' હોવાના કારણસર પરત ફરેલ છે.?

(૨) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તેઓએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ કાયદેસર સમયમર્યાદામાં આરોપીઓને નોટીસ આપવા છતાં, આરોપીએ ફરીયાદીશ્રીને વાદગ્રસ્ત ચેકની રકમ પરત ન કરી આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયે શિક્ષાપાત્ર ગુન્હાહિત કૃત્ય કરેલ છે ?

(૩) શું હુકમ ?

**૭.**ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧)હકારમાં.

(૨) હકારમાં.

(૩)આખરી હુકમ અનુસાર.

**:: <u>નિર્ણયો માટેના કારણો ::</u>**

**<u>મુદા નં ૧ અને ૨ પરત્વે કારણો</u>**

૮. મુદા નં ૧ અને ૨ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલ હોય,હકીકતોનુ પુનરાવર્તન ટાળવાના હેતુસર અત્રે સંયુકત ચર્ચા કરવામાં આવેલ છે.

૯.૧ આ કામે આંક–૧વાળી ફરીયાદ મુજબ ફરીયાદીએ અત્રેની અદાલતમાં ફરીયાદ દાખલ કરેલ તે ફરીયાદના સમર્થનમાં ફરીયાદી મીનેષ કિશોરભાઈ શાહ આંક–૦૪થી પુરાવાનું સોગંદનામુ રજુ કરેલ છે. જે હકીકત મુજબ ફરીયાદી બેંક ભારતીય કાયદા હેઠળ નોંધાયેલ બેંકી

ગને લગતો ધંધો કરતી સંસ્થા છે. ફરીયાદી આ બેંકની હળવદ શાખામાં બ્રાન્ચ મેનેજર તરીકે નોકરી કરે છે અને બેંકના મેનેજીંગ ડીરેકટર શ્રી નરેન્દ્રસિહં ડાભીનાએ તા.૨૪/૦૯/૨૦૧૯ના રોજથી હાલની આ ફરીયાદ દાખલ કરવાની સતા આપેલ છે. જે સતાની રુએ હાલની ફરીયાદ દાખલ કરે છે. જે ઠરાવની નકલ આ સાથે રજુ છે. તહોમતદારે ફરીયાદી બેકંમાં આવીને પોતાની લોનની જરુરીયાત હોઈ તેવું જણાવી લોનની માંગણી કેરલ અને તે અંગેનું વિગતવારનું આવેદન પત્ર તા.૦૭/૦૫/૨૦૧૫ના રોજ અમો ફરીયદી બેંકમાં આવીને પોતાની તથા જામીનદારની વિગત સાથેનું રજુ કરેલ. આ કામના તહોમતદાર દરીયાદેવ ઓઈલ ઈન્ડસ્ટ્રીઝના પ્રોપરાઈટર હોઈ પેઢીના પ્રોપરાઈટર તરીકે તેમનું આવેદન પત્ર સ્વીકારી બેંકના ધારાધોરણ મુજબ લોન આપવાનું નકકી થતા ફરીયાદી બેંકની હેડ ઓફીસના ઠરાવ નં. આદર્શ કો.ઓ.બેંક લી. શિરોહીના પત્ર ક્રમાંક ૮૯૦-૯૧, તા.૧૧/૦૭/૧૫થી લોન રૂા.૩૦,૦૦,૦૦૦/- પુરાની મંજુર કરવામાં આવેલ અને આ લોન અંગે તહોમતદારના બેંકની તરફેણમાં તેમની મિલકતોનું રજી. મોર્ગેજ નં.૨૦૦૯, તા.૨૦/૭/૨૦૧૫ના રોજ કરી આપેલ અને ત્યારબાદ ફરીયાદી બેંક ધ્વારા તહોમતદારને લોન તેમના લોન ખાતા નં.એલ.ટી.-૬૪થી તા.૧૧/૭/૨૦૧૫ના રોજ ચુકવવામાં આવેલ. તહોમતદારે ફરીયાદી બેંકમાંથી લોન મેળવ્યા બાદ આ સવલતનો ઉપયોગ ત્હોમતદાર કરતા હતા જે લોનની રકમ તહોમતદારે હપ્તે-હપ્તે ચુકવવાની હતી અને આ હપ્તાની રકમની સલામત ચુકવણી માટે આ કામના તહોમતદારના એ તેમના આદર્શ કો.ઓ. બેંક, હળવદ શાખાના તેમના પેઢીના ખાતા નં.૦૪૧૦૧૪૧૦૦૦૫૨૩૯૨ના (૧) ચેક નં.૦૫૭૫૧૧, તા.૦૧/૦૬/૨૦૧૯ના રોજનો રૂા.૭૫,૯૦૦/-, (૨) ચેક નં. ૦૫૭૫૧૨,

તા.૦૧/૦૭/૨૦૧૯ ના રોજનો રૂા.૭૫,૯૦૦/–, (૩) ચેક નં. ૦૫૭૫૧૩, તા.૦૧/૦૮/૨૦૧૯ ના રોજનો રૂા.૭૫,૯૦૦/– મળી કુલ રૂા.૨,૨૭,૦૦૦/–ના ચેકો તમોએ આદર્શ કો. ઓ. બેંક લોન ખાતા નં. એલ.ટી. ૬૪ના નામના સહી કરી ફરીયાદીના નામ જોગ લખી આપેલ. તહોમતદારે આપેલ ચેક ફરીયાદીએ તેમના ખાતામાં વસુલાત માટે તા.૦૭/૦૮/૨૦૧૯ ના રોજ રજુ કરતા ''ફંડ ઈન્સફીસીયન્ટ''ના કારણોસર ચેક પરત થયેલ, જેની જાણ ફરીયાદી બેંકે રીર્ટન મેમાથી થયેલ. ફરીયાદીએ પોતાના વકીલ મારફત ગત તા.૧૨/૦૮/૨૦૧૯ના રોજ નોટીસ તેઓના સરનામે મોકલેલ. જે નોટીસ તા.૧૩/૦૮/૨૦૧૯ના રોજ બજી ગયેલ હોવા છતા (૧) ચેક નં. ૦૫૭૫૧૧, તા.૦૧/૦૬/૨૦૧૯ના રોજનો રૂા.૭૫,૯૦૦/–, (૨) ચેક નં. ૦૫૭૫૧૨, તા.૦૧/૦૭/૨૦૧૯ના રોજનો રૂા.૭૫,૯૦૦/–, (૩) ચેક નં. ૦૫૭૫૧૩, તા.૦૧/૦૮/૨૦૧૯ના રોજનો રૂા.૭૫,૯૦૦/– મળી કુલ રૂા.૨,૨૭,૦૦૦/– મુજબની કાયદેસરની લેણી રકમ ચુકવી આપેલ નથી કે નોટીસનો કોઈ જવાબ આપેલ નથી. આરોપી વિરુધ્ધ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૩૮ હેઠળ કામ ચલાવી ફરીયાદી બેંકને તહોમતદાર પાસેથી (૧) ચેક નં.૦૫૭૫૧૧, તા.૦૧/૦૬/૨૦૧૯ના રોજનો રૂા.૭૫,૯૦૦/–, (૨) ચેક નં.૦૫૭૫૧૨, તા.૦૧/૦૭/૨૦૧૯ના રોજનો રૂા.૭૫,૯૦૦/–, (૩) ચેક નં.૦૫૭૫૧૩, તા.૦૧/૦૮/૨૦૧૯ના રોજનો રૂા.૭૫,૯૦૦/– મળી કુલ રૂા.૨,૨૭,૦૦૦/– ચુકવી આપેલ નથી. જેથી આ કામના આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧, (કે જેને સરળતા ખાતર હવે પછી આ ઠરાવમાં ''**એકટ**'' તરીકે સંબોધવામાં આવ્યા છે)ની કલમ–૧૩૮ તથા સાથે વાંચતા કલમ ૧૪૨ અન્વયે સજાને પાત્ર

ગુનાહીત કૃત્ય કરેલ હોવાથી હાલની ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે અને આરોપીને કાયદેસરની લેણી રકમ ચુકવવા તથા દંડ કરવા તથા તે દંડની રકમમાંથી ફરીયાદીને થયેલ નુકશાનીના વળતર તેમજ લેણી રકમ ઉપર બેંક રેન્ટ મુજબ વ્યાજ સહીત લેણી રકમ ચુકવવા માંગણી કરેલ છે.

સદર ફરીયાદી સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ સ્વીકારેલ છે કે,સવાલઃ- આ કામના આરોપીને આપના દ્રારા કોઈ લોન આપવામાં આવેલ નહી? જવાબઃ- બેંક વતી મારા દ્રારા આપવામાં આવેલ છે. એ વાત ખરી છે કે, અમારી મેઈન કચેરી ગુજરાત મધ્યે આવેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, રાજસ્થાન ખાતે આવેલ છે. મને આ કામના આરોપીને લોન આપવા અંગેનો લોન સેન્કશન લેટર વડી કચેરી દ્રારા આપવામાં આવેલ. તે લેટર કઈ તારીખે આપેલ તે હું જોઈને જણાવી શકુ તેમ છું તથા રૂા.૩૦,૦૦,૦૦૦/-નો સેન્કશન લેટર હતો. સવાલઃ- આપની વડી કચેરી અને દીપેનભાઈ વચ્ચે કોઈ મોર્ગેજડીડ થયેલ નથી? જવાબઃ- બેંક અને દીપેનભાઈ વચ્ચે મોર્ગેજડીડ થયેલ છે. સવાલઃ- લોન સેન્કશન લેટર તમોએ આ કામે રજુ કરેલ નથી? જવાબઃ- ફાઈલ જોઈને હું કહી શકુ. હું નામદાર કોર્ટની ફાઈલ જોઈને જણાવું છુ કે લોન સેન્કશન લેટર નીશાની ૩/૩થી મેં નામદાર કોર્ટમાં રજુ કરેલ છે. એ વાત ખરી નથી કે,નિશાની ૩/૩વાળા લોન સેન્કશન લેટરમાં આરોપીની રૂા. ૩૦,૦૦,૦૦૦/- ની લોન મંજુર થયા અંગેની વિગત લખેલી નથી. સવાલઃ- નિશાની ૩/૩નાં લોન સેન્કશન લેટર સિવાય આ લોન આપવા અંગે તમને કોઈ પાવર ઓફ એર્ટની આપેલ નથી? જવાબઃ- લોન સેન્કશન ઓર્ડર જ લોન આપવા માટે પુરતો હોય છે. સવાલઃ- મોર્ગેજડીડમાં તમારી બેંકના ઉપરી અધીકારીની સહી નથી? જવાબઃ- અમારે નિશાની ૩/૩ના લોન સેન્કશન લેટરના આધારે જ આ કાર્યવાહી કરવાની હોય છે જેથી

મોર્ગેજડીડીમાં બેંકના ઉપરી અધીકારીની સહીની જરૂરીયાત રહેતી નથી. સવાલ:– નિશાની ૩/૩ લોન સેન્કશન લેટરમાં આ કામના આરોપી પાસેથી લોન પેટે બ્લેન્ક ચેક લેવા તેવું કયાંય લખેલ નથી. જવાબ:– નિશાની ૩/૩ લોન સેન્કશન લેટરમાં પેજ નંબર બે પર શરત નંબર ૨૧માં આ જોગવાઈ કરવામાં આવેલ છે. નિશાની ૩/૩ રજુ દાખલ આંક–૪૮ આપવામાં આવે છે. સવાલ:– નિશાની ૩/૪નાં ગીરોખતમાં નિશાની ૩/૩ લોન સેન્કશન લેટરમાં પેજ નંબર બે પર શરત નંબર ૨૧માં કરેલ જોગવાઈ જેવી કોઈ વીગતો ચેક અંગે દર્શાવેલ નથી? જવાબ:– ગીરોખતમાં મીલ્કતમાં મીલ્કત, માલ, મશીનરી વીગેરે લખવી જરૂરી છે, ચેકની વીગત આમાં ન આવે. એ વાત ખરી છે કે, નિશાની ૩/૪નાં ગીરોખતમાં જણાવ્યા મુજબની મીલ્કતો આજની તારીખે બેંકના કબજામાં છે. એ વાત ખરી નથી કે, અમે જે લોન આપેલી તે મીલ્કત ઉપર આપેલી, ચેક ઉપર નહી. નિશાની ૩/૪ રજુ દાખલ આંક–૪૯ આપવામાં આવે છે. સવાલ:– કુલ કેટલા ચેક આપવાના, કઈ કઈ તારીખના આપવાના તે આંક–૪૮ સિવાય તમારા અને આરોપી વચ્ચે અલગથી લખાણ થયેલ નથી ? જવાબ:– આંક–૪૮માં શરત નંબર ૨૧માં જણાવ્યા મુજબના ચેકો લીધેલ છે. સવાલ:– આંક–૪૮માં શરત નંબર ૨૧મુજબ તમે આરોપી પાસેથી કેટલા ચેક લીધેલા, કઈ કઈ તારીખના લીધેલા અને કેટલી કેટલી રકમના લીધેલા? જવાબ:–આંક–૪૮ની શરત નંબર ૩ની વિગતે ચેકો લીધેલા, કુલ ૬૦ ચેક, આશરે રૂા.૭૫,૯૦૦/– માસિક હપ્તાની રકમ મુજબ. એ વાત ખરી નથી કે, રૂા.૭૫,૯૦૦/–નો કોઈ હપ્તો નથી. (૨) સવાલ:–આરોપીની જે મીલ્કત મોર્ગેજ કરવામાં આવેલ હતી તેની અમારી બેંક દ્રારા સર્ફેસી એકટ હેઠળ હરાજી કરીને વેંચી નાખવામાં આવેલ છે? જવાબ:– સર્ફેસી એકટ હેઠળ આરોપીની મીલ્કત કબજે લેવામાં આવેલ હતી તેટલી મને જાણકારી છે, ત્યારબાદ તા.૧૯/૬/૨૦૨૦થી હું આ બ્રાંચમાંથી રીલીવ થઈ થાનગઢખાતે ફરજ બજાવું છું. એ વાતની મને જાણકારી નથી કે,

આરોપી પાસે જે કાંઈપણ લોનની રકમ લેવાની હતી તે આ મીલ્કત વેંચી વસુલ કરી લીધેલ છે. એ વાત ખરી નથી કે, આરોપી પાસે જે કાંઈપણ લોનની રકમ લેવાની હતી તે અમારી બેંકને મળી ગયેલ હોવા છતા અમારી પાસે આરોપીના જે બ્લેન્ક ચેકો પડેલ હતા તેનો દુરઉપયોગ કરેલ છે. નિશાની ૩/૫, નિશાની ૩/૬, નિશાની ૩/૭વાળા દરેક ચેક રૂા.૭૫,૯૦૦/–ની રકમનો છે, કુલ રૂા.૨,૨૭,૭૦૦/–ની છે. એ વાત ખરી છે કે, નિશાની ૩/૫, નિશાની ૩/૬, નિશાની ૩/૭વાળા દરેક ચેકની તારીખ અલગ અલગ છે. એ વાત ખરી નથી કે, આ ચેકો પરત ફર્યાની કોઈ નોટીસ આરોપીને આપેલ નથી. સવાલ:–ત્રણ ચેકોની ત્રણ નોટીસ તમે આપેલ નથી અને તે આરોપીને મળી ગઈ હોય તેવો પુરાવો આ કામે રજુ કરેલ નથી ? જવાબ:– ત્રણ ચેકો એક જ તારીખે જમાં કરાવેલા અને એક જ તારીખે પરત ફરેલા અને તે ત્રણેય ચેકોની એક નોટીસ આપવામાં આવેલી. આ ત્રણ ચેકો પરત ફર્યાની તારીખ ૭/૮/૨૦૧૯ છે અને નોટીસ આપ્યાની તારીખ ૧૨/૮/૨૦૧૯ છે. એ વાત ખરી છે કે, મેં ચેકની તારીખ તથા નોટીસ આપ્યાની તારીખ નામદાર કોર્ટની ફાઈલમાંથી જોઈને જણાવેલી છે. ચેક પરત ફર્યાના સ્ટેટમેન્ટની કોપી રજુ રાખવી જરૂરી ન હોય જેથી રજુ રાખેલ નથી પરંતુ ચેક રીટર્ન મેમો જરૂરી હોય જે રજુ રાખેલ છે. નિશાની ૩/૫ રજુ દાખલ આંક–૫૦, નિશાની ૩/૬ રજુ દાખલ આંક–૫૧, નિશાની ૩/૭ રજુ દાખલ આંક–૫૨ આપવામાં આવે છે. એ વાત ખરી છે કે, અમારી બેંકમાં આરોપીના બે ખાતા હતા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, મને બે ખાતાનું પુછેલ છે જેથી હા પાડેલ છે પરંતુ વધારે પણ હોઈ શકે. એ વાત ખરી છે કે, નિશાની ૩/૮ વાળો ચેક રીટર્ન મેમો અમારી બેંકનો જ છે. એ વાત ખરી છે કે, નિશાની ૩/૮વાળો રીટર્ન મેમો અમારી બેંકેં જ જમાં કરાવી પરત ફરતા અમારી બેંકેં જ રીટર્ન મેમો આપેલ છે. નિશાની ૩/૮(કુલ ૩ રીટર્ન મેમો સંયુકત રીતે) રજુ દાખલ આંક–૫૩(કુલ ૩ રીટર્ન મેમો સંયુકત રીતે). એ વાત

ખરી નથી કે, આરોપીએ ચેકની વીગતો ભરી, ચેકમાં તારીખ નાખી આ ચેકો આપેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, દરેક ચેકમાં આરોપીની સહીથી જ ચેક વેલીડ થયેલ છે, આરોપીએ જ અમોને બધા ચેક સોંપેલ છે. એ હું જોઈને જ કહી શકુ કે, દરેક ચેકની અંદર રૂા.૭૫,૯૦૦/– ભરીને ૬૦ ચેકો આરોપીએ અમને આપેલા નહી. એ વાત ખરી નથી કે, આ કામના આરોપીને ચેકની વૈધાનિક નોટીસ બજેલ નથી. એ વાત ખરી નથી કે, આ કામના આરોપીએ મને કોઈ ચેકની રકમ કાયદેસરના લેણા પેટે આપેલ નથી. એ વાત ખરી નથી કે, આરોપી પાસે જે કાંઈપણ લોનની રકમ લેવાની હતી તે અમારી બેંકને મળી ગયેલ હોવા છતા અમારી પાસે આરોપીના જે બ્લેન્ક ચેકો પડેલ હતા તેનો દુરઉપયોગ કરી હાલની ખોટી ફરીયાદ દાખલ કરેલ છે.

૯.૩ ત્યારબાદ બચાવપક્ષે આંક–૬૭થી આરોપી દિપેન જગદીશભાઈ ઠકકરનાઓને સોગંદ પર તપાસવામાં આવેલ છે. જેમાં તેઓએ સોગંદઉપરની સરતપાસમાં જણાવેલ છે કે,મે આદર્શ બેન્કમાથી સને ૨૦૧૫ના વર્ષમા રૂપીયા ચાલીસ લાખ તથા રૂપીયા ત્રીસ લાખની લોન મારી મીલકત તથા મશીનરી પર લોન લીધેલી. તેમા મે પાંત્રીસ હપ્તા રેગ્યુલર ભરેલા. તે લોન મે મારા કારખાના પર લીધેલી. તેમા મે બેન્કને સાંઈઠ ચેક હપ્તા કપાય તે પેટે આપેલા. પરંતુ એકપણ હપ્તો ચેકથી કપાયેલ નથી. મે બેન્કમા લેખીત આપેલ કે મારા હપ્તા ચેકથી કપાતા નથી તો મારા ચેક મને પાછા આપવા. તે ચેકો બેન્કે મને પાછા આપેલ નથી. મારે કારખાનામા નુકસાની જતા કારખાનુ સને ૨૦૧૮ના વર્ષમા બંધ થઈ ગયેલુ. ત્યારબાદ મારે લોન

ભરવાની બાકી રહી ગયેલી અને તેથી બેન્કે સરફેશી એકટ હેઠળ કાર્યવાહી કરી મારુ કારખાનુ તેમજ મકાન તથા મશીનરી બેન્કે કબજે લઈ લીધેલી. ત્યાબાદ હું અવારનવાર બેન્ક સાથે સમાધાન કરવા ગયેલો જેમા ત્રણવાર મૌખીક સમાધાન થયેલ અને બેન્કે તેમા કોઈ જવાબ આપેલ નહી. ત્યારબાદ છોત્તેર લાખ એકાવન હજારમા ડીસ્ટ્રીકટ કોર્ટ, મોરબી ખાતે સમાધાન થયેલુ તેમા દસ લાખ રૂપીયા મે બેન્કમા જમા કરાવેલા અને છાસઠ લાખ એકાવન હજાર રૂપીયા હું બેન્કમા ભરવા ગયો ત્યારે બેન્કે તે પૈસા સ્વીકારેલ નહી અને જે સમાધાન થયુ તેમા મારી ઉપર ચેક પરત ફરેલાના બેન્કે કરેલા કેસો પાછા ખેચવાના હતા તે મોરબી કોર્ટમા પાંચ કેસો પાછા ખેચેલ છે અને હળવદ કોર્ટમા ચાલતા કેસો પાછા ખેચેલ નથી. જે દસ લાખ રૂપીયા મે બેન્કમા જમા કરાવેલ તેની પહોંચ મે નીશાની ૬૪/૩થી રજુ રાખેલ છે જેની અસલ પહોંચ કોર્ટ રૂબરૂ બતાવી ઝેરોક્ષ નકલ આ કામે રજુ કરેલ છે તે રજુ દાખલ આંક–૬૮. તેમજ સમાધાન થયેલ તે નોટરીના લખાણની ઝેરોક્ષ નકલ રજુ દાખલ આંક–૬૯. મે બેન્કમા છાસઠ લાખ એકાવન હજાર રૂપીયા સ્વીકારવા માટે અરજી આપેલ તે બેન્કે કોપી રીસીવ કરીને આપેલી તેની ઝેરોક્ષ નકલ નીશાની ૬૪/૪થી રજુ રાખેલ છે તે રજુ દાખલ આંક–૭૦. મે નામ. સેશન્સ કોર્ટમાંથી બેન્કે પરત ખેચેલ કેસોના હુકમો આ કામે નીશાની ૬૪/૫થી રજુ રાખેલ છે જે કેસ નં.૪૨/૧૯, ૪૧/૨૨, ૪૨/૨૨, ૪૩/૨૨, ૪૪/૨૨ ની ઝેરોક્ષ નકલ આ કામે રજુ કરેલ છે જે રજુ દાખલ આંક–૭૧. આંક–પરથી રજુ રાખેલ સમાધાન લેખમા ફો.કે. નં.૧૩/૨૦, ફો.કે. નં.૧૫૦/૨૦ અને ફો.કે. નં.૧૦૩૦/૨૦૧૯

પણ લખેલ હોવા છતા આ કેસો પરત ખેચેલ નથી. તેમજ આ દસ લાખ રૂપીયાની રકમ કે મે જે આંક–૫૧થી ભરેલ છે તે બેન્ક મને પરત પણ આપતી નથી કે આ પેન્ડીંગ કેસોમા જમા પણ લેતી નથી અને બેન્ક સમાધાન મુજબની રકમ પણ સ્વીકારતી નથી. તેમજ હું રકમ જમા કરાવવા તૈયાર હોવા છતા અને સમાધાન થયેલ હોવા છતા પણ બેન્ક સમાધાન મુજબ વર્તી નાણા નો પણ સ્વીકાર કરતી નથી અને મને હેરાન પરેશાન કરે છે. ફરીયાદપક્ષે થયેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે,મે ટી.વાય.બી.કોમ. સુધીનો અભ્યાસ કરેલ છે. એ વાત ખરી છે કે હાલ હું દરીયાદેવ ઈન્ડ.ના પ્રોપરાઈટર તરીકે જુબાની આપવા માટે આવેલ છુ. મે દરીયાદેવ ઈન્ડ. પેઢી સને ૨૦૧૫ના વર્ષમા ખોલેલી. આ પેઢીનો તમામ વહીવટ હુ જાતે કરતો હતો. એ વાત ખરી છે કે મે બેન્ક પાસેથી ત્રીસ લાખની હ પ્તાવાળી લોન તથા ચાલીસ લાખની સી.સી. લોન લીધેલી. એ વાત ખરી છે કે સને ૨૦૧૫મા બેન્ક સાથે મોર્ગેજ ડીડ થયેલુ જેનો નંબર ૨૦૦૯/૨૦૧૫ છે જે આંક–૩૫થી રજુ રાખેલ છે. એ વાત ખરી છે કે બેન્ક અને મારી વચ્ચે લોન એગ્રીમેન્ટ માટે સેન્સન લેટર થયેલો જે આ કામે આંક–૩૪થી રજુ રાખેલ છે. એ વાત ખરી નથી કે દરીયાદેવ ઈન્ડ.નુ લોન ખાતુ હાલમા પણ બેન્કમા ચાલુ છે. આજ દિન સુધીમા લોન પેટે રૂા.૭૫૯૦૦/–નો એક માસીક હપ્તો તેવા ૩૪ હપ્તા ભરેલ છે. એ વાત ખરી નથી કે આંક–૫૨ના નોટરી રૂબરૂના સમાધાન લખાણ મુજબ બેન્કની પુરી લેણી રકમ ભરપાઈ કર્યા બાદ જ બેન્ક નોડયુ સર્ટીફીકેટ આપશે અને કેસો પરત ખેચશે અને ત્યારબાદ જ તમામ ચેકો પરત આપશે તેવુ લખાણ થયેલુ.

સવાલ:-આજરોજ સુધી તમારી બેન્ક પાસે લેણી રકમ બાકી પડે છે અને તે તમે પુર્ણ કરેલ નથી? જવાબ:- હુ સમાધાન મુજબ રકમ ભરવા તૈયાર છુ પરંતુ બેન્ક સમાધાનની રકમ સ્વીકારવા તૈયાર નથી. એ વાત ખરી છે કે મે આંક-૫૧થી રજુ રાખેલ દસ્તાવેજી પુરાવો કે જેમા રૂા. દસ લાખ બેન્કમા જમા કરાવેલ છે તેમા કોઈ ખાતા નંબર લખેલ નથી. સવાલ:- તમે બેન્કમાંથી બે લોન લીધેલી હોવાથી આંક-૫૧ના લખાણ મુજબ કયા ખાતામા કેટલા રૂપીયા જમા કરાવવા તેની વિગત લખેલ નથી? જવાબ:-ખોટી વાત, લખેલ છે. એ વાત ખરી છે કે બેન્કમા મારા બે ખાતા હતા જેમા એક દરીયાદેવ ઈન્ડ. નુ ખાતુ હતુ અને બીજુ મારુ નામજોગ અંગત ખાતુ હતુ. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મારુ અંગત ખાતુ તો બેન્કમા કેદિનુ બંધ થઈ ગયેલ છે. મે કરારના વિશિષ્ટ પાલનનો દાવો બેન્ક ઉપર કરેલો નથી. એ વાત ખરી છે કે સામાન્ય રીતે રકમ જમા કરાવવા માટે બેન્કમા રૂબરૂ જવુ જરૂરી નથી પરંતુ ઓનલાઈન ટ્રાન્સફરથી, ચેકથી, આરટીજીએસથી, ગુગલ પેથી જમા કરાવી શકાય. એ વાત ખરી નથી કે બેન્કમા હું રકમ જમા કરાવવા ગયેલો ત્યારે છાસઠ લાખ રૂપીયા લઈને ગયેલો તેવો કોઈ દસ્તાવેજી પુરાવો મે આ કામે રજુ રાખેલ નથી. એ વાત ખરી છે કે મે નામ. ડીસ્ટ્રીકટ કોર્ટમા થયેલ સમાધાન મુજબની રકમ બેન્કમા જમા કરાવતા બેન્કે નામ. ડીસ્ટ્રીકટ કોર્ટમા દાખલ કરેલ કેસો પરત ખેચેલ છે. એ વાત ખરી છે કે મે તા.૨૭/૦૨/૨૪નારોજ બેન્ક મારા પૈસા સ્વીકારતી નથી તેવો પત્રબેન્કને લખેલો. એ વાત ખરી નથી કે તા.૦૯/૦૩/૨૪ના રોજ મે બેન્કમા પૈસા ભરતા બેન્કે તા.૦૯/૦૩/૨૪ના રોજ કેસો પરત ખેચેલા. હું હળવદ

ખાતે ચાલતા મારા ફો.કે. નં.૧૩/૨૦, ફો.કે. નં.૧૫૦/૨૦ અને ફો.કે. નં.૧૦૩૦/૨૦૧૯ના કેસોમા ચેકની રકમ જેટલી રકમ નામ.કોર્ટમા જમા કરાવવા ખુશી નથી. એ વાત ખરી છે કે મે બેન્કને સાઈઠ ચેકો મારી રાજીખુશીથી સહી કરીને હપ્તા પેટે આપેલા. એ વાત ખરી છે કે મે બેન્ક પાસે મારા ચેકો પરત માગવા માટે પત્ર લખેલ તે પત્ર આ કામે મે રજુ રાખેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે હવે પછીની મુદતે હુ તે રજુ રાખવા ખુશી છુ. એ વાત ખરી નથી કે મે જાણી બુઝીને ખાતામા પૈસા ન રાખી ચેક બાઉન્સ કરાવેલા. એ વાત ખરી નથી કે હું સોગંદ ઉપર ખોટી હકીકતો જણાવી ખોટી જુબાની આપુ છુ.

**૧૦.** આ કામના આરોપી વિરૂઘ્ધ ધી નેગોશીયેબલ ઈન્સ્ટુ મેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ–૧૩૮ના ગુનાનો આરોપ હોય સદર કાનુની જોગવાઈ ઘ્યાને લેવી જરૂરી બને છે.

(૧) કોઈ કાયદેસરના દેવા કે અન્ય જવાબદારી અદા કરવા માટે ચેક આપવામા આવેલો હોવો જોઈએ.

(૨) ચેક લખનાર વ્યકિતના ખાતામાં અપુરતા નાણાં ભંડોળના અભાવે ચેકનો અનાદર થયેલ હોવો જોઈએ.

(૩) ચેક લખ્યા તારીખથી છ માસની સમય મર્યાદામાં કલીયર થવા માટે બેંકમાં રજુ થયેલ હોવો જોઈએ.

(૪) ચેકનો અનાદાર થયા બાદ બેંક તરફથી માહિતી મળ્યાના ૧૫ દિવસની અંદર (નવા સુધારા બાદ ૩૦ દિવસની અંદર) ચેક લખનારને લેખિત ડિમાન્ડ નોટીસ આપીને ચેકમાની રરમની માંગણી કરેલી હોવી જોઈએ.

(૫) નોટીસ મળ્યાના ૧૫ દિવસમાં આરોપી ચેકની રકમ

ચુકવણી કરવામાં નિષ્ફળ ગયેલ હોવો જોઈએ.

(ક) દેવુ કે જવાબદારી કાયદેસર રીતે અમલ કરાવી શકાય તેવી હોવી જોઈએ.

ઉપરોકત તમામ તત્વો સાબિત કરવામાં ફરીયાદપક્ષ સફળ થાય તો જ ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટ,૧૮૮૧ની કલમ–૧૩૮ અન્વયે આરોપીને દોષિત ઠરાવી શકાય.

**૧૧.** ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ની કલમ ૧૧૮ના પ્રબંધો ધ્યાને લઈએ તો:–

'' વટાઉખત વિશે માની લેવાની બાબત છે એટલે કે જો વિરૂધ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી દરેક વટાઉખત અવેજ માટે કરી આપ્યું હતું અથવા લખી આપ્યું હતું કે સ્વીકારવામા આવ્યું હતું તથા તેના ઉપર તારીખ હોય તેવા દરેક વટાઉખત તે તારીખે કરી આપ્ય અથવા લખી આપ્યું હતું તે અંગે કોર્ટ અનુમાન કરી શકશે તથા સ્વીકારોયેલું વટાઉખતની દેરક તબદીલી તે ખત પાકવાની તારીખ પહેલા થઈ હતી.''

**૧૧.૧.**ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ની કલમ ૧૧૮ના પ્રબંધો ધ્યાને લઈએ તો:–

'' વિરૂધ્ધની હકીકત સાબિત ન થાય ત્યાં સુધી એવું માનવામાં આવશે કે તે ચેક ધારણ કરનારે તે ચેક કલમ–૧૩૮ના દર્શાવ્યા મુજબ કોઈ દેવાના અથવા અન્ય જવાબદારીના પુરેપુરા અથવા તેના કોઈ ભાગમાંથી બોજ મુકત થવાના બદલામાં ચે ચેક મેળવ્યો હશે.''

**૧૨.** ફોજદારી ન્યાયપ્રણાલિના મુળભુત અને પાયાના સિધ્ધાંતો મુજબ

આરોપી સામે આક્ષેપવામા આવેલ તહોમત શંકારહિત રીતે પુરવાર કરવાનો ભાર ફરીયાદ પક્ષે રહેલો છે. જો ફરીયાદ પક્ષના કેસમાં શંકા ઉપસ્થિત થાય તો શંકાનો લાભ આરોપીની તરફેણમાં રહે છે. ફરીયાદ પક્ષે રજ થયેલ પુરાવાઓનુ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮, ૧૪૨નાં ગુનાના આવશ્યક તત્વો તથા ફરીયાદ હકીકતના સંદર્ભે મુલ્યાંકન કરવાનુ રહે છે. આ કામ સૌપ્રથમ સદર કેસ બાબતે ધી નેગો. એકટની કલમ-૧૩૮ અન્વયેનો ગુનો સ્થાપિત કરવા માટે મહતવના જે તત્વો છે તે ધ્યાનમાં લેવામાં આવે તો કાયદેસરના લેણાં પેટે ચેક આપેલ હોય,તે ચેક સમયમર્યાદામાં બેંકમાં રજુ કરવામાં આવેલ હોવો જોઈએ, સદર ચેક આરોપીની બેંકમાથી વગર સ્વીકારાયે પરત આવેલ હોવો જોઈએ, જેની જાણ ફરીયાદીને થયા બાદ ફરીયાદીએ આરોપીને દિન-૩૦માં સદર ચેકના અસ્વીકાર બાબતેની નોટીસ આપવી જોઈએ અને તેમાં ચેકની રકમનો ઉલ્લેખ કરેલો હોવો જોઈએ અને નોટીસ મળ્યા બાદ દિન-૧૫માં આરોપી જો ચેકની રકમ ફરીયાદીને ચુકવી ન આપે તો ધી નેગો.કલમ-૧૩૮ અન્વયેના ગુનાના તત્વો પરીપુર્ણ થતા હોય ત્યારબાદ જ ફરીયાદ કરવા માટેનુ કારણ ઉપસ્થિત થાય છે. વધુમાં નામ.સુપ્રિમ કોર્ટે મુસરફ હુસન ખાન વિ. ભગીરત એન્જીનીયરીગ લી. અને બીજાઓના એ.આઈ.આર.૨૦૦૬ એસ.સી. ૧૨૮૮ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે, The Hon'ble Supreme Court of India has held that for securing conviction under Negotiable Instrument Act,1881 the fact which are required to be proved are (a) that the cheque was drawn for payment of an amount of money for discharge of a debt/ liability and the cheque was dishonoured (b) that the cheque was presented within prescribed period (c) that the

payment made a demand for payment of the money by giving a notice in writing to the drawer within the stipulated period and (d) that the drawer failed to make the payment within fifteen days of the receipt of the notice.

**૧૩.** આમ, નેગો. ઈન્સ્ટુ. એકટના કાયદાની જોગવાઈઓ ધ્યાને લેતાં તથા નામદાર સુપ્રિમ કોર્ટના ઉપરોકત ચુકાદામા પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાન લેતા  આ કામ ફરીયાદપક્ષે આરોપી સામેનુ તહોમત પુરવાર કરવા માટે જે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ છે તેનુ ઝીણવટપુર્વક મુલ્યાંકન કરી હાથ પરના કેસનો ન્યાયિક નિર્ણય કરવાનો રહે જેમાં સૌપ્રથમ ફરીયાદપક્ષે ફરીયાદીની આંક–૦૪ની સરતપાસનુ સોગંદનામુ રજુ રાખેલ છે જેમાં આંક–૧ની ફરીયાદની હકીકતોને સમર્થનકારી પુરાવો રજુ રાખેલ છે તેમજ ફરીયાદમા જણાવેલ  દસ્તાવેજી પુરાવાઓ આ કામ રજુ રાખેલા છે જે ધ્યાન લેતા ધી નેગો. ઈન્સ્ટુ. કલમ– ૧૩૮, ૧૪૨ મુજબની ફરીયાદ અનુસાર આપેલ હોવાનુ જણાય આવે છે. કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત પ્રીપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી અનુસાર આરોપીએ નેગો.ઈન્સ્ટુ.એકટનલ કલમ–૧૧૮ અને કલમ–૧૩૯ અનુમાનોનુ ખંડન થાય તેવી શકય હકીકતો રેકર્ડ ઉપર લાવવી જોઈએ. જે જોગવાઈઓ નીચે મુજબ છે :–

118 presumptions as to Negotiable Instruments. untilll the contrary is proved, the following presumptions shall be made (a) of consideration that every negotiable instrument was made or drawn for consideration and that every such instrument when it has been accepted, and endorsed, negotiated or transferred, was accepted, endorsed, negotiated or transferred of consideration (b) as to date.

that every negotiable instrument bearing a date was made of drawn on such date. (C) as to time of acceptance. that every accepted bill of exchange was accepted within a reasonable time after it's time and before it's maturity(d) as to time of transfer. that every transfer of a negotiable instrument was made before it's maturity (e) as to order of endorsement. that the endorsement appearing upon a negotiable instrument were made in the order in which they appear thereon (f) as to stamp. that a lost promissory note, bill of exchange or cheque was dully stamped (g) that holder is a holder in due course. that the holder of a negotiable instrument is a holder in due course. provided that where the instrument has been obtained from it's lawful owner, or from any person in lawful custody thereof, by means of an offense or fraud, or has been obtained from the maker or acceptor there of by means of an offense or fraud, or for lawful consideration, the burden of proving that the holder is a holder in due course lies upon him. 139 presumption in favor of holder it shall be presumed unless the contrary is proved that the holder of a cheque received of the nature referred into in section 138 for the discharge, in whole or in part of any debt or other liability.

વધુમાં, નામદાર સુપ્રિમ કોર્ટે ૨૦૦૮ જી.એલ.એચ.૩૬૨ સુપ્રિમ કોર્ટ કે.પ્રકાશન વિ.પી.કે.સુરેન્દ્રનના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે નેગો.ઈન્સ્ટુ.એકટ કલમ–૧૩૮ અને ૧૩૯ અન્વયે જયારે ચેકનો અનાદર

થાય ત્યારે આવો ચેક કાયદેસરની જવાબદારી પુર્ણ કરવા માટે આપવામાં આવેલો હોય તેવુ અનુમાન કરવાનુ રહે છે જે કાયદા મુજબનું અનુમાન રહેલ છે. ત્યારે આરોપીપક્ષે આવા અનુમાનનુ ખંડન કરતો પુરાવો આપવાનો રહે છે માત્ર ખુલાસો કરવો તે પર્યાપ્ત નથી પરંતુ આવા ખુલાસાને સમર્થન મળી રહે તેવો પુરાવો રજુ રાખવો જરૂરી છે. આમ, નામ.સુપ્રિમ કોર્ટના ઉપરોકત ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લેતા ફરીયાદપક્ષ આરોપી સામેનો ગુનો વ્યાજબી શંકાથી પર સાબીત કરવા માટે નેગો.ઈન્સ્ટુ.એકટની કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯મુજબનુ અનુમાન ફરીયાદીની તરફેણમાં કોર્ટ કરે તે માટે તે મુજબનો પુરાવો કોર્ટ રૂબરૂ આપવો પડે. જે અનુસંધાને ફરીયાદપક્ષ કોર્ટ રૂબરૂ આપેલ પુરાવો ધ્યાને લઈએ જે વંચાણે લેવામાં આવે તો આ કામના આરોપીએ પોતાના રીબર્ટલ એવીડન્સમાં ફરીયાદીની ઉલટતપાસ દરમ્યાન કોર્ટરૂબરૂ એવી હકીકત ફરીયાદીની ઉલટતપાસમાં રજુ રાખેલ છે. જેમાં ફરીયાદી એ સ્પષ્ટપણે સ્વીકાર્યું છે કે,સવાલ:– આ કામના આરોપીને આપના દ્વારા કોઈ લોન આપવામાં આવેલ નહી? જવાબ:–બેંક વતી મારા દ્વારા આપવામાં આવેલ છે. એ વાત ખરી છે કે, અમારી મેઈન કચેરી ગુજરાત મધ્યે આવેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, રાજસ્થાન ખાતે આવેલ છે. મને આ કામના આરોપીને લોન આપવા અંગેનો લોન સેન્કશન લેટર વડી કચેરી દ્વારા આપવામાં આવેલ. તે લેટર કઈ તારીખે આપેલ તે હું જોઈને જણાવી શકુ તેમ છું તથા રૂા.૩૦,૦૦,૦૦૦/–નો સેન્કશન લેટર હતો. સવાલ:– આપની વડી કચેરી અને દીપેનભાઈ વચ્ચે કોઈ મોર્ગેજડીડ થયેલ નથી? જવાબ:– બેંક અને દીપેનભાઈ વચ્ચે મોર્ગેજડીડ થયેલ છે. સવાલ:– લોન સેન્કશન લેટર તમોએ આ કામે રજુ કરેલ નથી ? જવાબ:– ફાઈલ જોઈને હું કહી શકુ. હું

નામદાર કોર્ટની ફાઈલ જોઈને જણાવું છુ કે લોન સેન્કશન લેટર નીશાની ૩/૩થી મેં નામદાર કોર્ટમાં રજુ કરેલ છે. એ વાત ખરી નથી કે,નિશાની ૩/૩વાળા લોન સેન્કશન લેટરમાં આરોપીની રૂા.૩૦,૦૦,૦૦૦/– ની લોન મંજુર થયા અંગેની વિગત લખેલી નથી. સવાલ:– નિશાની ૩/૩નાં લોન સેન્કશન લેટર સિવાય આ લોન આપવા અંગે તમને કોઈ પાવર ઓફ એર્ટની આપેલ નથી ? જવાબ:– લોન સેન્કશન ઓર્ડર જ લોન આપવા માટે પુરતો હોય છે. સવાલ:– મોર્ગેજડીડમાં તમારી બેંકના ઉપરી અધીકારીની સહી નથી? જવાબ:– અમારે નિશાની ૩/૩ના લોન સેન્કશન લેટરના આધારે જ આ કાર્યવાહી કરવાની હોય છે જેથી મોર્ગેજડીડીમાં બેંકના ઉપરી અધીકારીની સહીની જરૂરીયાત રહેતી નથી. સવાલ:– નિશાની ૩/૩ લોન સેન્કશન લેટરમાં આ કામના આરોપી પાસેથી લોન પેટે બ્લેન્ક ચેક લેવા તેવું કયાંય લખેલ નથી. જવાબ:– નિશાની ૩/૩ લોન સેન્કશન લેટરમાં પેજ નંબર બે પર શરત નંબર ૨૧માં આ જોગવાઈ કરવામાં આવેલ છે. નિશાની ૩/૩ રજુ દાખલ આંક–૪૮ આપવામાં આવે છે. સવાલ:– નિશાની ૩/૪નાં ગીરોખતમાં નિશાની ૩/૩ લોન સેન્કશન લેટરમાં પેજ નંબર બે પર શરત નંબર ૨૧માં કરેલ જોગવાઈ જેવી કોઈ વીગતો ચેક અંગે દર્શાવેલ નથી? જવાબ:– ગીરોખતમાં મીલ્કતમાં મીલ્કત, માલ, મશીનરી વીગેરે લખવી જરૂરી છે, ચેકની વીગત આમાં ન આવે. એ વાત ખરી છે કે, નિશાની ૩/૪નાં ગીરોખતમાં જણાવ્યા મુજબની મીલ્કતો આજની તારીખે બેંકના કબજામાં છે. એ વાત ખરી નથી કે, અમે જે લોન આપેલી તે મીલ્કત ઉપર આપેલી, ચેક ઉપર નહી. નિશાની ૩/૪ રજુ દાખલ આંક–૪૯ આપવામાં આવે છે. સવાલ:– કુલ કેટલા ચેક આપવાના, કઈ કઈ તારીખના આપવાના તે આંક–૪૮ સિવાય તમારા અને આરોપી વચ્ચે અલગથી લખાણ થયેલ

નથી? જવાબ:- આંક-૪૮માં શરત નંબર ૨૧માં જણાવ્યા મુજબના ચેકો લીધેલ છે. સવાલ:- આંક-૪૮માં શરત નંબર ૨૧મુજબ તમે આરોપી પાસેથી કેટલા ચેક લીધેલા, કઈ કઈ તારીખના લીધેલા અને કેટલી કેટલી રકમના લીધેલા? જવાબ:-આંક-૪૮ની શરત નંબર ૩ની વિગતે ચેકો લીધેલા, કુલ ૬૦ ચેક, આશરે રૂા. ૭૫,૯૦૦/- માસિક હપ્તાની રકમ મુજબ. એ વાત ખરી નથી કે, રૂા.૭૫,૯૦૦/-નો કોઈ હપ્તો નથી. (૨) સવાલ:-આરોપીની જે મીલ્કત મોર્ગેજ કરવામાં આવેલ હતી તેની અમારી બેંક દ્રારા સર્ફેસી એકટ હેઠળ હરાજી કરીને વેંચી નાખવામાં આવેલ છે? જવાબ:- સર્ફેસી એકટ હેઠળ આરોપીની મીલ્કત કબજે લેવામાં આવેલ હતી તેટલી મને જાણકારી છે, ત્યારબાદ તા.૧૯/૬/૨૦૨૦થી હું આ બ્રાંચમાંથી રીલીવ થઈ થાનગઢ ખાતે ફરજ બજાવું છું. એ વાતની મને જાણકારી નથી કે, આરોપી પાસે જે કાંઈપણ લોનની રકમ લેવાની હતી તે આ મીલ્કત વેંચી વસુલ કરી લીધેલ છે. એ વાત ખરી નથી કે, આરોપી પાસે જે કાંઈપણ લોનની રકમ લેવાની હતી તે અમારી બેંકને મળી ગયેલ હોવા છતા અમારી પાસે આરોપીના જે બ્લેન્ક ચેકો પડેલ હતા તેનો દુરઉપયોગ કરેલ છે. નિશાની ૩/૫, નિશાની ૩/૬, નિશાની ૩/૭ વાળા દરેક ચેક રૂા. ૭૫,૯૦૦/-ની રકમનો છે, કુલ રૂા. ૨,૨૭,૭૦૦/-ની છે. એ વાત ખરી છે કે, નિશાની ૩/૫, નિશાની ૩/૬, નિશાની ૩/૭વાળા દરેક ચેકની તારીખ અલગ અલગ છે. એ વાત ખરી નથી કે, આ ચેકો પરત ફર્યાની કોઈ નોટીસ આરોપીને આપેલ નથી. સવાલ:-ત્રણ ચેકોની ત્રણ નોટીસ તમે આપેલ નથી અને તે આરોપીને મળી ગઈ હોય તેવો પુરાવો આ કામે રજુ કરેલ નથી? જવાબ:- ત્રણ ચેકો એક જ તારીખે જમાં કરાવેલા અને એક જ તારીખે પરત ફરેલા અને તે ત્રણેય ચેકોની એક નોટીસ આપવામાં આવેલી. આ ત્રણ ચેકો પરત ફર્યાની તારીખ

૭/૮/૨૦૧૯ છે અને નોટીસ આપ્યાની તારીખ ૧૨/૮/૨૦૧૯ છે. એ વાત ખરી છે કે, મેં ચેકની તારીખ તથા નોટીસ આપ્યાની તારીખ નામદાર કોર્ટની ફાઈલમાંથી જોઈને જણાવેલી છે. ચેક પરત ફર્યાના સ્ટેટમેન્ટની કોપી રજુ રાખવી જરૂરી ન હોય જેથી રજુ રાખેલ નથી પરંતુ ચેક રીટર્ન મેમો જરૂરી હોય જે રજુ રાખેલ છે. નિશાની ૩/૫ રજુ દાખલ આંક–૫૦, નિશાની ૩/૬ રજુ દાખલ આંક–૫૧, નિશાની ૩/૭ રજુ દાખલ આંક–૫૨ આપવામાં આવે છે. એ વાત ખરી છે કે, અમારી બેંકમાં આરોપીના બે ખાતા હતા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, મને બે ખાતાનું પુછેલ છે જેથી હા પાડેલ છે પરંતુ વધારે પણ હોઈ શકે. એ વાત ખરી છે કે, નિશાની ૩/૮ વાળો ચેક રીટર્ન મેમો અમારી બેંકનો જ છે. એ વાત ખરી છે કે, નિશાની ૩/૮વાળો રીટર્ન મેમો અમારી બેંકેં જ જમાં કરાવી પરત ફરતા અમારી બેંકેં જ રીટર્ન મેમો આપેલ છે. નિશાની ૩/૮(કુલ ૩ રીટર્ન મેમો સંયુકત રીતે) રજુ દાખલ આંક–૫૩(કુલ ૩ રીટર્ન મેમો સંયુકત રીતે). એ વાત ખરી નથી કે, આરોપીએ ચેકની વીગતો ભરી, ચેકમાં તારીખ નાખી આ ચેકો આપેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, દરેક ચેકમાં આરોપીની સહીથી જ ચેક વેલીડ થયેલ છે, આરોપીએ જ અમોને બધા ચેક સોંપેલ છે. એ હું જોઈને જ કહી શકુ કે, દરેક ચેકની અંદર રૂા.૭૫,૯૦૦/– ભરીને ૬૦ ચેકો આરોપીએ અમને આપેલા નહી. એ વાત ખરી નથી કે, આ કામના આરોપીને ચેકની વૈધાનિક નોટીસ બજેલ નથી. એ વાત ખરી નથી કે, આ કામના આરોપીએ મને કોઈ ચેકની રકમ કાયદેસરના લેણા પેટે આપેલ નથી. એ વાત ખરી નથી કે, આરોપી પાસે જે કાંઈપણ લોનની રકમ લેવાની હતી તે અમારી બેંકને મળી ગયેલ હોવા છતા અમારી પાસે આરોપીના જે બ્લેન્ક ચેકો પડેલ હતા તેનો દુરઉપયોગ કરી હાલની ખોટી ફરીયાદ દાખલ કરેલ છે.

આમ, સમગ્રપણે રેકર્ડ પર રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાને ધ્યાને લેવામાં આવે તો ફરિયાદીની તરફેણમાં રહેલ પ્રીઝમ્પશન રીબર્ટ કરવાનું બર્ડન આરોપીપક્ષ ઉપર હોય ત્યારે આરોપીએ એ બતાવવાની ફરજ છે કે ફરિયાદપક્ષના પુરાવાથી કે પોતાના તરફે મૌખિક દસ્તાવેજી પુરાવા રજુ રાખી તેણે કાયદાથી તેના ઉપર નાખવામાં આવેલ બર્ડન રીબર્ટ કરેલ છે અને પછી ફરિયાદપક્ષે બતાવવું જોઈએ કે તેઓનો આવો અને આટલો પુરાવો છે જેથી આરોપી ઉપરનું બર્ડન રીબર્ટ થયેલ નથી. ફરિયાદીની તરફેણમાં કાયદાકીય અનુમાન હોય ત્યારે તેને રીબર્ટ કરવાનો બોજો આરોપી ઉપર જાય છે અને આરોપીએ પોતાની નિર્દોષતા સાબિત કરવાની છે જે બાબતે નામદાર સર્વોચ્ચ અદાલતના ઈન્ડિયન બેન્ક એસોસીએશન વિરૂધ્ધ યુનીયન ઓફ ઈન્ડિયા ડીસાઈડેડ ઓન ૨૧/૦૪/૨૦૧૪ રીપોર્ટેડ ઈન એ.આઈ.આર. ૨૦૧૪ એસ.સી. ૨૫૨૮નો ચુકાદો વંચાણે લેવામાં આવે તો તેમાં સ્પષ્ટ સિધ્ધાંત પ્રસ્થાપીત કરવામાં આવેલ છે કે જયારે નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ તળેની ફરીયાદ દાખલ થાય ત્યારે ફરિયાદીની અને સાહેદોની જુબાની સોગંધનામાં ઉપર રજુ થાય અને પરત ફરેલા ચેક અને બેન્કના પુરાવા રજુ થાય ત્યારે ફરિયાદીનો કેસ પ્રસ્થાપીત થયેલો ગણવો જોઈશે અને તેને નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૯ના અનુમાનો લાગુ પાડવામાં આવશે. જેથી ફરિયાદપક્ષે જે જે મૌખિક તથા લેખિત પુરાવા રજુ થયેલ છે તેને પડકારેલ નથી નામદાર ગુજરાત હાઈકોર્ટના દેવાયત કાનાભાઈ ડેર આહિર વિરૂધ્ધ ગુજરાત રાજય ૨૦૧૩(૨) જી.એલ.આર. ૧૨૭૧નો ચુકાદોવંચાણે લેવામાં આવે તો તેમા નામદાર ગુજરાત હાઈકોર્ટે ડીવીઝન બેન્ચમાં આપેલ ચુકાદામાં સ્પષ્ટ કરેલ છે કે આરોપીના વકીલશ્રી તરફથી સાહેદોની ઉલટતપાસમાં પુછેલ

હકીકતનો સાહેદે ઈન્કાર કરેલ હોવા છતા બચાવપક્ષના આરોપી ઘટના સમયે હાજરી સ્વીકારેલ છે જે બાબત નામદાર ગુજરાત હાઈકોર્ટે માન્ય રાખેલ છે. બચાવપક્ષે રેકર્ડ પર પોતાના બચાવમાં જે હકીકતો જણાવેલ છે તે અંગેના કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવાઓ રેકર્ડ પર રજુ રાખેલ નથી જે જોતા આ કેસમાં કોઈ પ્રોબેબલ ડીફેન્સ રેકર્ડ પર નથી જેથી ફરિયાદી પાસે આરોપીના ખાતાનો ચેક પુરાવા તરીકે ઉપલબ્ધ છે હાલના ફરિયાદી ચેકના કાયદેસરના ધારક છે અને કોર્ટ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૯ મુજબ ચેકના ધારકની તરફેણમાં અનુમાન કરી શકે તેમ છે. વધુમાં ચેકના ધારકે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ એ મુજબ ચેક લખ્યા તારીખથી નિયત સમયમાં ચેક બેન્કમાં રજુ કરવો તથા કલમ -૧૩૮ બી મુજબ ચેક રીટર્ન થયાના ૩૦ દીવસમાં ચેકના ધારણ કરનારે લેખિત નોટીસ આપી રકમની માંગણી કર્યાની તથા કલમ ૧૩૮સી મુજબ ચેક લખનાર નોટીસ મળ્યાના ૧૫ દીવસમાં નોટીસમાં માંગ્યા મુજબની રકમ ચુકવણીમાં નિષ્ફળ ગયેલ છે. હવે કલમ-૧૩૮એ મુજબ ચેક લખ્યાની તારીખથી નિયત સમયમાં ચેક બેન્કમાં રજુ કરવો જોઈએ તે અંગે વિચાર કરવામાં આવે તો ફરીયાદ પક્ષે જે ચેક રજુ કરેલ છે, જે રીટર્ન મેમો રજુ કરેલ છે જે ચેકમાં લખેલ તારીખથી નિયત સમય મર્યાદામાં ચેક બેન્કમાં રજુ થયેલ છે જે ફંડ ઈનસફીસીયન્ટના શેરા સાથે પરત ફરેલ છે અને આરોપી તરફે નોટીસનો જવાબ રજુ કરેલ છે પરંતુ તે અંગે રીબર્ટલ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. આમ, નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮એ.ની જરૂરીયાતોનું પાલન થયેલ હોવાનું માનવામાં આવે છે. આ કામે ફરીયાદીએ આપેલ નોટીસ તથા આ નોટીસ મોકલ્યાની પહોંચ રજુ કરેલ છે, જે રહેણાંકના સ્થાને બજી ગયેલ છે જેથી નોટીસ

બજવણીના સિધ્ધાંત મુજબ નામદાર સર્વોચ્ચ અદાલતના ડી. વિનોદ શીવપ્પા વિરૂધ્ધ નંદા બેલીઅપ્પા રીપોર્ટેડ ઈન એ.આઈ.આર ૨૦૦૬ એસ.સી. ૨૧૭૦ના ચુકાદાઓ વંચાણે લેવામાં આવે તો નોટીસ મોકલવી મહત્વની છે અને નોટીસ આરોપીના એડ્રેસ ઉપર મોકલાવી છે. નામદાર ગુજરાત હાઈકોર્ટે દિનેશભાઈ મણીલાલ રાવલ વિરૂધ્ધ મનસુખભાઈ મણીલાલ પટેલ રીપોર્ટેડ ઈન ૨૦૧૨ જી.એલ.એચ.ઈ.એલ.એચ.સી.૨૨૬૪૯૦ના ચુકાદામાં ત્યાં સુધી જણાવેલ છે કે નોટીસ ન મળી હોય તો સમન્સ બજયાના ૧૫ દીવસમાં ચેકની રકમનુ ચુકવણું અદાલતમાં કરી આપવાનું રહે છે તેમ છતા આરોપીએ કોઈ રકમની ચુકવણી કરેલ હોય તેવો કોઈ પુરાવો રજુ કરેલ નથી. આ કામે બચાવપક્ષે લેવામાં આવેલ તકરાર અંગે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી જયારે બચાવપક્ષે આ અંગેના કોઈ મૌખિક કે લેખિત આધાર પુરાવા આ રજુ કરી ખંડનાત્મક પુરાવો રજુ રાખી કોઈ રીબર્ટલ પુરાવો રજુ કરેલ નથી. આમ, રેકર્ડ ઉપર રજુ થયેલા આંક–૪ના મૌખિક પુરાવાથી પણ તે હકીકત પુરવાર થાય છે કે હાલનો નાણાકીય વ્યવહાર આ કામના આરોપી સાથે થયેલ છે. આ કામે બચાવપક્ષે ઉપસ્થિત કરેલ તકરાર મુજબ ચેકવાળી રકમ આરોપી દ્વારા ફરીયાદીને ચુકવી આપવામાં આવેલ હોય, તો બચાવપક્ષના ઉપર આ હકીકત પુરવાર કરવાનો રહેલ બોજો બચાવપક્ષે મૌખિક કે દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખી પુરવાર કરેલ નથી. આમ,સમગ્રપણે ચેકની રકમ લેણી બાકી પડતી હોવાનું ઉપરોકત દર્શાવેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓથી ફરીયાદપક્ષે પુરવાર કરેલ છે. ત્યારે નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૪૨(એ) અન્વયે હાલના ફરીયાદી ફરીયાદ દાખલ કરવા માટે યથાનુક્રમે ચેક ધારણ કરનાર વ્યકિત છે તેમજ હાલની ફરીયાદ દાખલ કરતાં પહેલાં આરોપીને દિન–૩૦માં નોટીસ

આપવામાં આવેલ છે અને ચેકની રકમ દિન–૧૫માં ફરીયાદીને ચુકવી આપેલ નથી અને હાલની ફરીયાદ કરવાનુ કારણ ઉત્પન્ન થયેલ ત્યારબાદ સોળમા દિવસ પછી એક માસની અંદર દાખલ કરવામાં આવેલ છે જે જોતાં કલમ–૧૪૨(બી) મુજબ સમયમર્યાદામાં દાખલ કરવામાં આવેલ છે જેથી બચાવપક્ષની તકરાર સાબીત થયેલ નથી. કાયદામાં સ્પષ્ટ જોગવાઈ છે કે બુધ્ધીગમ્ય પુરાવા સિવાય માત્ર બેરવર્ડીગ્સના આધારે કોઈ બચાવ માન્ય રહી શકે નહીં. નેગેશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટ હેઠળ આરોપી ઉપર પુરાવાનુ ઓનસ લીબરલ હોય છે, પરંતુ તે માત્ર શાબ્દીક વાંધાઓથી શીફટ થઈ શકે નહીં.

**૧૪.** ઉપરોકત તમામ વિસ્તૃત ચર્ચાને અંતે જયારે મુદ્દા નં.૧ અને ૨ નો જવાબ હકારમાં આવેલ હોય ત્યારે આરોપી ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલા–૧૩૮ હેઠળ તકસીરવાન ઠરેલા છે. સદર કેસ વોરંટ ટ્રાયબલ રીતે ચાલેલ નથી સમન્સ ટ્રાયબલ રીતે ચાલેલ છે તેથી ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૫૫ મુજબ આરોપીપક્ષને સજા બાબતે સાંભળવા આવશ્યક નથી. અત્યારે સમયમાં દિન–પ્રતિદીન લોકો ચેકો આપવાનુ વધારે પસંદ કરે છે તેવા કારણોસર આવા ગુનાઓની ઉત્તરોઉત્તર વૃધ્ધી થવા પામેલ છે અને અત્યારે વ્યાપાર ધંધામાં ચેકથી વ્યવહાર કરતા એક પ્રકારનો ભય વ્યાપી ગયો છે. કાયદાના હેતુ અને ઉદ્દેશ ધ્યાને લેતાં આરોપીએ ફરીયાદીને કાયદેસરના લેણા પેટે ચેક આપેલો જે ચેક અપુરતા ભંડોળના શેરાના કારણે પરત ફરેલ છે તેવા સંજોગોમાં આરોપીને પ્રોબેશ ન ઓફ ઓફેન્ડર્સ એકટ અથવા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૬૦ અન્વયે પ્રોબેશનનો લાભ આપવો ન્યાયોચિત જણાતો નથી. આરોપીને નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ કેદની સજા

બે વર્ષ સુધી  લંબાવી શકાય અને દંડની રકમ ચેકમાં જે રકમ જણાવી છે તેનાથી બમણી થઈ  શકે તેમ છે. આ બાબતની ચર્ચા નામદાર કોર્ટના ભાસ્કરણના કેસમાં પણ કરવામાં આવેલ છે અને અદાલતે કોડની કલમ ૩૫૭(૩)ની જોગવાઈઓનો ઉદારતાપુર્વક લાભ આપવો જોઈએ. પેટા કલમમાં વળતર અંગે કોઈ મર્યાદાનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી તેથી મેજીસ્ટ્રેટ કોઈ પણ રકમ વળતર તરીકે અપાવી શકે છે. અલબત્ત, આવી વળતરની રકમ નકકી કરતી વખતે મેજીસ્ટ્રેટે એવી વિચારણા કરવાની છે કે ફરીયાદીને વળતર ચુકવવા અંગે એવોર્ડ કરવાની સત્તા છે. સાથે ક્રિમી. પ્રોસી.કોડની કલમ–૩૫૭(૫) પણ ધ્યાને લેવી જરૂરી છે. આમ, જયારે મેજીસ્ટ્રેટને ફરીયાદીને વળતર આપવુ જોઈએ તેવુ લાગે તો કેદની સજા કર્યા પછી ફરીયાદીને વળતર અંગે એવોર્ડ કરી શકશે જે કોડની કલમ–૩૫૭માં કોઈ મર્યાદા નકકી કરવામાં આવી નથી.નામદાર સર્વોચ્ચ અદાલતે મીટર્સ એન્ડ ઈન્સ્ટુમેન્ટ પ્રા.લી. એન્ડ અનધર વિ. કંચન મહેતા રીપોર્ટેડ ઈન એ.આઈ.આર. ૨૦૧૭ એસ.સી.૪૫૯૪ના ચુકાદામાં તો ત્યાં સુધી જાહેર કરેલ છે કે નેગો.ઈન્સ્ટુ.એકટનો મુખ્ય ધ્યેય The Objct Of The Propision being Primarily Conpensatory. Punitive Element being mainly With the Object Of enforcing The Compensatory element.

**૧૫.** સદર પ્રકારના ભારત દેશની અર્થવ્યવસ્થાને અસરકર્તા ગુન્હા હોય આવા કેસોમાં આરોપી સાથે માનવતાપુર્ણ વ્યવહાર કરી ઓછી સજા કરવાનુ વ્યાજબી અને ન્યાયોચિત જણાતુ નથી. આમ, હાલના કેસમાં આરોપીને પુરેપુરી સજા કરવી જોઈએ તેવુ અત્રેની  અદાલતનુ માનવુ છે તથા આરોપીને સખત નસીયત મળી રહે તે જરૂરી છે તેમજ તેવી પરિસ્થિતિને ધ્યાને લેતાં ફરીયાદીને વળતર ચુકવવામાં આવે તો ન્યાયી,

વ્યાજબી અને વ્યવહારુ જણાઈ આવે છે અને નામદાર સર્વોચ્ચ અદાલતે જાહેર કરેલા ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ જયારે મેજીસ્ટ્રેટ દંડની સજા ફરમાવતા હોય ત્યારે તેને ફરીયાદીને વળતર તે દંડની રકમમાંથી જ આપવુ જોઈએ. તે દંડની રકમ ઉપરાંત વળતરની રકમ અપાવવાની સત્તા કાયદા મુજબ મેજીસ્ટ્રેટને નથી. જેથી હાલના નેગો.ઈન્સ્ટુ.એકટની કલમ–૧૩૮ વંચાણે લેતાં આ કામના ઉપરોકત ચર્ચા કરેલ પુરાવાને અંતે ન્યાયના વિશાળ હિતમાં મુદ્દા નં.૧ તથા મુદ્દા નં.રનો જવાબ હકારમાં ઠરાવી મુદ્દા નં.૩ પરત્વે નીચે મુજબનો હુકમ કરવાનો ન્યાયી જણાય છે.

**:: આખરી હુકમ ::**

**૧.** ફોજદારી કાર્યરિતી સંહિતાની કલમ–૨૫૫(ર) અન્વયે આરોપી દિપેનભાઈ જગદીશભાઈ ઠકકર(દરીયાદેવ ઓઈલ ઈન્ડસ્ટ્રીના પ્રોપરાઈટર) રહે. પ્લોટ નં.ર, રીધ્ધી–સીધ્ધી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટ્રેટ, મુ.હળવદ, તા.હળવદ, જી.મોરબીનાઓને ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુન્હા માટે તકસીરવાન ઠરાવી ર(બે) વર્ષની કેદની સજા કરવામાં આવે છે તથા (૧) ચેક નં.૦૫૭૫૧૧ના રૂા.૭૫,૯૦૦/–, (ર) ચેક નં.૦૫૭૫૧રના રૂા.૭૫,૯૦૦/–, (૩) ચેક નં.૦૫૭૫૧૩ના રૂા.૭૫,૯૦૦/– મળી કુલ **રૂા.૨,૨૭,૦૦૦/– (અંકે રૂપિયા બે લાખ સતીચાવીસ હજાર)** નાં દંડની સજા ફરમાવવામાં આવે છે. જો આરોપી દ્વારા દંડ ભરવામાં ન આવે તો આરોપીને વધુ છ માસની કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે તથા દંડની રકમ આરોપી પાસેથી તેની જે કોઈપણ મિલકત હોય તેના ઉપરથી ફોજદારી કાર્યરિતી સંહિતાની કલમ–૪૨૧ મુજબ રેવન્યુની બાકી રકમ

તરીકે રીકવર કરવાની રહેશે.

**૨.** ફોજદારી કાર્યરિતી સંહિતાની કલમ–૩૫૭(૧) મુજબ આરોપીને કરેલ દંડમાંથી ફરીયાદીને વળતર તરીકે **રૂા.૨,૨૭,૦૦૦/– (અંકે રૂપિયા બે લાખ સતીયાવીસ હજાર)** ખાસ વળતર તરીકે ક્રિમીનલ મેન્યુઅલ પેરા–૨૦૯ મુજબ ચુકવી આપવાના રહેશે.

**૩.** ફોજદારી કાર્યરિતી સંહિતાની કલમ–૩૬૩(૧) મુજબ આ હુકમની નકલ તાત્કાલિક વિના મુલ્યે આરોપીને પુરી પાડવી.

આ ચુકાદો આજ તારીખ:૧૭મી માહે:માર્ચ, સને ૨૦૨૬ના રોજ હળવદ મુકામે ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

હળવદ.

તા.૧૭/૦૩/૨૦૨૬

( નિમિષા ગંગારામભાઈ સુરતી)
એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ, હળવદ.
કોડ નં.જી.જે.૦૦૭૧૧.

*H.D.Lakum*
*Steno.*